**પ્રેસ નોંટ** **13/08/2026**

## ભવન્સ કૉલેજ ડાકોરમાં કૉમર્સ વિભાગના વિદ્યાર્થીઓ માટે **Innovation and SSIP Sensitization** કાર્યક્રમ યોજાયો

ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર સંચાલિત ભવન્સ કૉલેજ,ડાકોરમાં કૉમર્સ વિભાગના વિદ્યાર્થીઓ માટે ઇનોવેશન એન્ડ એસ.એસ.આઇ.પી. અંગેની વિસ્તૃત સમજ અને માર્ગદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના ભૂતપૂર્વ કા.આચાર્યશ્રી ડૉ.ટી.આર.ત્રિવેદી સાહેબે વિદ્યાર્થીઓને ઇનોવેશન અંગેના વર્તમાન દ્રષ્ટાંતો આપી કેવી રીતે ઇનોવેશન દ્વારા સ્ટાર્ટઅપ ની શરૂઆત કરાય અને પગભર થવાય તેની રસપ્રદ માહિતી આપી હતી. એસ.એસ.આઇ.પી કૉ-ઓર્ડીનેટર ડૉ.જે.એમ.શાહ સાહેબે વિદ્યાર્થીઓને એસ.એસ.આઇ.પી ની મદદથી કઇ રીતે ઇનોવેટીવ આઇડીયાને સ્ટાર્ટઅપ સુધી લઇ જવાય તે સમજાવ્યું હતું.આ પ્રસંગે આઇ.ક્યુ.એ.સી. કૉ-ઓર્ડીનેટર ડૉ.ઇશિતાબેન પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સંસ્થાના કા.આચાર્ય, ઉપાચાર્ય તથા સંચાલક મંડળે કાર્યક્રમ અંગે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઇનોવેશન ક્લબના કૉ-ઓર્ડીનેટર ડૉ.કપિલ દવે એ કર્યું હતું.




